ગાંધીનગર સમાચાર
તા. ૧૪-૧૨-૨૦૧૩, શનિવાર

તંત્રી સ્થાનેથી.....

સજાતીય સંબંધો અને કાયદો

રાજપીપળાના રાજકુમાર માનવેન્દ્રસિંહ સાથે એમનાં માતાએ ફક્ત એટલા સારુ સંબંધો કાપી નાખ્યા છે કે તેઓ સમલૈંગિક- 'ગે' છે. આમ જુઓ તો આ એક પ્રકારની મનોદશા છે, જે કદાચ સમાજની સ્થાપિત પરંપરાઓ અને ધર્માજ્ઞાઓ જેવાં પ્રચંડ પરિબળો છતાં બદલાતી નથી. કુદરતની આ ફાંટાબાજ હરકત વિશે આપણો સમાજ અને સમાજશાસ્ત્રીઓ મહદંશે મૌન જ પાળતા રહ્યા છે. તેથી આવા લોકોની એક નાનકડી જમાત બાકીની દુનિયાથી કપાયેલી રહ્યા કરી છે. પશ્ચિમના દેશોની ઉદાર જીવનશૈલી છતાં ખ્રિસ્તી ધર્મમાં આ પ્રકારના સજાતીય સંબંધો સ્વીકૃત નથી. વિશ્વના તમામ ધર્મોમાં આ વિશિષ્ટ પ્રકારની માનસિકતા ધરાવતા લોકો પ્રત્યે જુગુપ્સા, ઘૃણા અને તિરસ્કારનું જ વલણ રહેતું આવેલ છે. પરંતુ મનુષ્યને આવું સ્વેચ્છાએ તો થોડું બનવું હોય છે? એનું હાડ જ એ રીતે ઘડાયું હોય એમાં એનો શો વાંક? સજાતીય સંબંધોને કુદરત વિરોધી કે અકુદરતી કહી ઉતારી પાડવાનુંઘણું સહેલું છે પરંતુ એ પ્રકારનું આકર્ષણ કે સંબંધ ધરાવતા લોકો પણ આખરે માણસ છે અને જેને આપણે 'સેક્સ પરવર્ઝન' કે કામવિકૃતિ જેવા હલકા શબ્દોથી ઉતારી પાડીએ છીએ તે વૃત્તિ એમના માટે તો 'કુદરતી' જ બની રહેતી હોય છે. કાયદામાં આવા લોકોને ગુનેગાર ગણતા તે માનવ તરીકેના એમના અસ્તિત્વને નકારવા જેવી બાબત છે. સાચું કે આ પ્રકારની મનોવૃત્તિ એ નોર્મલ કે તંદુરસ્ત મનોવૃત્તિ નથી, પરંતુ એને એક પ્રકારની બીમારી ગણી લઈએ તોય એનો ઈલાજ ક્યાં છે? વિજાતીય આકર્ષણ અને સંબંધોને આપણે કુદરતી ગણીએ છીએ, એનો સમાજ સ્વીકાર કરે છે, વળી એથી વંશવૃદ્ધિ થતી હોઈ એ માનવજાતને ટકાવી રાખવા જરૂરી પણ છે. અંગ્રેજ હકૂમત દરમિયાન સજાતીય સંબંધોને ગેરકાયદેસર ગણી જાહેરમાં આવા કૃત્યને સજાપાત્ર ઠેરવાયું હતું. ભારતની કાયદાપોથીએ જ કાયદો ચાલુ રાખેલો જેની વિરુદ્ધ દિલ્હી હાઈકોર્ટે શકવર્તી ચુકાદો આપી આ કાયદો માનવીના મૂળભૂત અધિકારોનું હનન કરતો હોવાનું તારણ કાઢી એને રદ બાતલ જાહેર કરાયો હતો. આમ આ ૩૭૭મી કલમ પણ કાશ્મીર સંબંધી ૩૭૦મી કલમ જેવી વિવાદાસ્પદ બની જવા પામી હતી. છેલ્લાં ચાર વર્ષથી એ કલમને દિલ્હી હાઈકોર્ટે રદ કરેલ હોઈ 'ગે' લોકો ખુશખુશાલ હતા. માનવેન્દ્રસિંહ જેવા 'ગે' સમાજના હક્કો માટે વિશ્વ સ્તરે ઝુંબેશ ચલાવી રહેલા એક્ટિવિસ્ટો રાતોરાત લાઈમલાઈટમાં આવી ગયા હતા. પરંતુ દિલ્હી હાઈકોર્ટના ચુકાદા સામે વિશ્વ હિંદુ પરિષદના શ્રી અશોક સિંઘલના ભાઈ બી.પી. સિંઘલ સહિત કેટલીક ખ્રિસ્તી અને મુસ્લિમ ધાર્મિક સંસ્થાઓએ સર્વોચ્ચ અદાલતમાં અપીલ કરી હતી, જેનો ચુકાદો આખરે ગત ૧૧ ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ જાહેર થતાં સમલૈંગિક સંબંધને ગુનો માનવામાં આવેલ છે. નિવૃત્તિ પૂર્વે છેલ્લો ચુકાદો આપતાં જસ્ટિસ જી.એસ. સિંઘવીએ કહ્યું છે કે ઈન્ડિયન પીનલ કોડની કલમ ૩૭૭ બંધારણીય રીતે સાચી છે. આ કલમને રદ કરવાની સત્તા અદાલતને નથી, એ કાર્ય ફક્ત સંસદ જ કરી શકે. સરકાર ઈચ્છતી હોય તો આ મુદ્દે ચર્ચા કરીને સંસદમાં એને રદ કરતો ઠરાવ પસાર કરી શકે છે. સુપ્રીમ કોર્ટના ચુકાદાથી સમલૈંગિકો જેટલી જ નિરાશા સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને માનવાધિકાર સાથે સંકળાયેલા કર્મશીલોને થયેલ છે. ૩૭૭મી કલમને જિંદગી પોતાની શરતે જીવવા માગતા માણસના મૂળભૂત બંધારણીય હક્ક પરની તરાપ માનનારા રાજકીય નેતાઓ હવે કાનૂની પ્રક્રિયા દ્વારા સંસદમાં આ કલમ રદ કરતું બિલ લાવે એવી શક્યતા છે. જો કે એ બિલ પસાર કરવામાં પણ કેન્દ્ર સરકારને ખાસ્સી મુશ્કેલી પડશે કારણ કે સમાજવાદી પાર્ટીએ આવા સંબંધોને અનૈતિક ગણાવ્યા છે એમ ધાર્મિક સંગઠનો પણ આવા સંબંધોને સ્વીકારવા ખુશ નથી, તે સર્વવિદિત છે. સંસદમાં વિપક્ષનાં નેતા સુષમા સ્વરાજે પણ આ મુદ્દે પૂરતી ચર્ચા કર્યા બાદ જ આગળ વધવાનું સૂચન કર્યું છે.

ગાંધીનગર ટે-ક્વોન-ડૉ એસોસિએશન દ્વારા પ્રેરણા વિદ્યાલય સે-૫ ખાતે સેલ્ફ ડિફેન્સ કેમ્પનું આયોજન તા. ૪-૧૨-૧૩ થી તા. ૧૧-૧૨-૧૩ દરમિયાન આ સાત દિવસીય શિબિર સે-૫-એના બગીચા ખાતે રાખવામાં આવી હતી. આ સેલ્ફ ડિફેન્સ કેમ્પમાં હાથ-પગ દ્વારા સ્વ બચાવ માટે પ્રેરણા વિદ્યાલયની ૭૦ વિદ્યાર્થીનીઓને તાલીમ આપવામાં આવી હતી. જેમાં તેમનો આત્મવિશ્વાસ, શારિરીક વિકાસ અને સમતોલન, શારિરીક સજ્જતા, માનસિક અનુશાસન, સાહસમાં વૃદ્ધિ વ્યકિતત્વનો વિકાસ અને આત્મરક્ષાની કળા વિશે માહિતી તથા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. નિષ્ણાતો એ નિદર્શન દ્વારા સ્વ બચાવ માટેની ટેકનિક શીખવી હતી. આ કેમ્પ આયોજનમાં જતીનભાઈ દવે મિલન કંસારા, રાકેશ ઠાકોર, રોનક કંસારા તથા જયદીપસિંહ વાઘેલાએ નિષ્ણાંત તરીકે સેવા આપી હતી. આ કેમ્પમાં વિદ્યાર્થીનીઓને સર્ટીફીકેટ આપવામાં આયા હતા.

ભારતીય ભાષાઓના સાહિત્યમાં યોગદાન વિષય પર આજથી બે દિવસીય પરિસંવાદનું આયોજન

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરની ગુર્જર ભારતી સંસ્થા દ્વારા ગુજરાત હિન્દી સાહિત્ય અકાદમી તેમજ કડી સર્વ વિશ્વ વિદ્યાલયના સહયોગથી ભારતીય ભાષાઓના સાહિત્યમાં વિવિધ પ્રદાન વિષય પર આજથી બે દિવસીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરિસંવાદ સેક્ટર-૧૫ ખાતે આવેલી એલડીઆરપી કોલેજના કડી સર્વ વિશ્વવિદ્યાલય સભાખંડમાં યોજવામાં આવ્યો છે.

આ પરિસંવાદમાં દેશની વિવિધ ભાષાઓ જેવી કે હિન્દી, ગુજરાતી, મરાઠી, મલયાલમ્ તેમજ અંગ્રેજીના શ્રેષ્ઠ રચયિતાઓ અને માર્મિક સમીક્ષકો ભાગ લેશે. આ કાર્યક્રમમાં નામવરસિંહ, ગણેશ દેવી, રઘુવીર ચૌધરી, સિતાંશુ યશચંદ્ર, તુલસી રામ, ઈ.વી. રામકૃષ્ણન એન. રાજારામ, અવધેશ કુમાર સિંહ તેમજ વેદપ્રકાશ અમિતાભ વગેરે જાણીતા સાહિત્યકારો હાજર રહેશે. આ ઉપરાંત હરીશ મંગલમ, મોહન પરમાર, બિન્દુ ભટ્ટ, ઈલા નાયક, પારૂલ દેસાઈ, દક્ષા જોષી, સંજીવ દુબે તેમજ અજય રાવલ વગેરેની હાજરી પણ ધ્યાન ખેંચશે. આ પરિસંવાદમાં મુખ્યત્વે હિન્દી અને ગુજરાતીની સાથે સાથે ભારતની અન્ય ભાષાઓના સાહિત્યમાં સ્ત્રી-વિચાર, દલિત વિચાર, આદિવાસી વિચાર, અસ્મિતા વિચાર, પ્રવાસી વિચાર અને સાહિત્યિક સમાજશાસ્ત્રીય અને સાંસ્કૃતિક આંતરસંબંધો પર કેન્દ્રિત રહેશે.

આ પરિસંવાદમાં ભાગ લેવા માટે વિદ્યાર્થીઓએ રૂ. ૧૦૦ અને અધ્યાપકોએ રૂ. ૩૦૦ નોંધણી ફી ભરીને નોંધણી કરાવવાની રહેશે.

માઉન્ટ કાર્મેલ સ્કૂલ, ગાંધીનગરના વિદ્યાર્થીઓ દ્વારા ક્રિસમસ કેરોલ્સ

ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીની ઉપસ્થિતિમાં રાજભવન ખાતે આયોજિત કાર્યક્રમમાં માઉન્ટ કાર્મેલ સ્કૂલ, ગાંધીનગરના વિદ્યાર્થીઓ દ્વારા આગામી નાતાલના તહેવાર સંદર્ભમાં ક્રિસમસ કેરોલ્સ રજૂ કર્યા હતા. રાજ્યપાલશ્રીએ વિદ્યાર્થીઓને ખંતપૂર્વક અભ્યાસ કરવાની સાથે ખેલકૂદ તથા ઈતર પ્રવૃત્તિઓમાં પણ ભાગ લેવા જણાવ્યું હતું. તેમણે નાતાલ પર્વની સૌને શુભકામનાઓ પણ આપી હતી. આ પ્રસંગે શાળાના આચાર્ય સિસ્ટર રેણુકા તથા શિક્ષકો પણ ઉપસ્થિત રહ્યા હતા.

બી.પી. કોલેજ ખાતે ૧૩મો આઈના સાંસ્કૃતિક મેગ્નેટ પ્રદર્શનનું આયોજન

ગાંધીનગર, તા.૧૩

મેનેજમેન્ટ ક્ષેત્રે નામના મેળવેલ અને છેલ્લા ૧૫ વર્ષથી મેનેજમેન્ટના પાઠ ભણાવતી બી.પી. કોલેજ ખાતે 'આઈના' સાંસ્કૃતિક એકઝીબીશનનું આયોજન કરવામાં આવ્યું છે.

કડી યુનિવર્સિટી સંલગ્ન અને સે-૨૩ ખાતે ૧૫ વર્ષથી મેનેજમેન્ટના પાઠ ભણાવતી બી.બી.એ. કોલેજ ખાતે તા. ૧૬ ડિસેમ્બરથી ૧૮ ડિસેમ્બર સુધી આઈના સાંસ્કૃતિક એકઝીબિશન ચાલી રહ્યું છે. જેમાં ગુજરાતની સ્કુલ અને કોલેજના વિદ્યાર્થીઓ એકઝીબીશનને રસપૂર્વક નિહાળી રહ્યા છે. વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા કોલેજ દ્વારા પ્રયાસ કરાઈ રહ્યો છે ત્યારે સાંસ્કૃતિક મેનેજમેન્ટના ૩૦ વિદ્યાર્થીઓએ ૨૦થી વધારે પ્રોજેક્ટ પ્રદર્શનમાં રજુ કર્યા છે. પ્રદર્શનના અંતમાં ગુજરાતની આગવી ઓળખ સમા ગરબા રમવામાં આવશે અને જાણીતા નિર્ણાયકો દ્વારા યોગ્ય પ્રદર્શનનું પરીણામ જાહેર કરશે. કાર્યક્રમમાં પ્રો. નીરવ જોષી, પ્રો. અમિતા પ્રજાપતિ, અધ્યાપક ડૉ. જયેશ તન્નાની રાહબરી હેઠળ આયોજન કરવામાં આવી રહ્યું છે.

સિનિયર સીટીઝન કાઉન્સિલ દ્વારા આઈટીઆઈ કોલેજમાં રક્તદાન શિબિરનું આયોજન

ગાંધીનગરની સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ સહયોગ મંડળ અને આઈટીઆઈ કોલેજના સંયુક્ત ઉપક્રમે તા. ૧૭મી ડિસેમ્બર સવારે ૯ કલાકે સેક્ટર-૧૫ ખાતે આવેલી આઈટીઆઈ કોલેજમાં રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં ગાંધીનગરની સિવિલ હોસ્પિટલના ડૉ. મનોજભાઈ પટેલ તેમની ટીમ સાથે સેવાઓ આપનાર છે.

હીરામણિ સ્કૂલમાં વિજ્ઞાન મેળો યોજાયો

હાઈડ્રો ક્રેનના પ્રોજેક્ટ માટે હીરામણિના પંકજ ગર્ગને પ્રથમ તેમજ ઈલેક્ટ્રીક ડાયનેમો માટે ત્રિવેણી વિદ્યાલયના મીત જોષીને દ્વિતીય ઈનામ પ્રાપ્ત

અમદાવાદ, તા. ૧૩

અમદાવાદની એસજી રોડ પર આવેલ હીરામણિ અંગ્રેજી-ગુજરાતી માધ્યમની સ્કૂલમાં સંસ્થાના વૃદ્ધાશ્રમના નટરાજ હોલ ખાતે આંતરશાળા વિજ્ઞાન પ્રોજેક્ટસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ૨૨ શાળાઓના ૪૫ વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ ભાગ લીધો હતો. જેમાંથી હીરામણિ હાયર સેકન્ડરી સ્કૂલના પંકજ ગર્ગ દ્વારા બનાવાયેલ હાઈડ્રો ક્રેન પ્રોજેક્ટ્સે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

વિદ્યાર્થીઓમાં વિજ્ઞાનલક્ષી અભિગમને પ્રોત્સાહન મળે તે હેતુથી આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન સંસ્થાના પ્રમુખ તેમજ ગુજરાત રાજ્યના આયોજન પંચના ઉપાધ્યક્ષ નરહરિ અમીનના હસ્તે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં મુખ્ય મહેમાન તથા મુખ્ય રેફરી તરીકે ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ પરિમલ ત્રિવલેદીએ વૈજ્ઞાનિક સંશોધનોએ માનવ જીવનની શુખાકારીમાં નોંધપાત્ર પ્રદાન કર્યું હોવાના ઉલ્લેખ સાથે વાંચન પર ભાર મૂક્યો હતો. તેમણે આ સ્પર્ધાના માપદંડ અંગે ટેકનોલોજીના વિનિમય, સર્જનાત્મક દૃષ્ટિ અને નવીનતાને ધ્યાનમાં રાખી હોવા સાથે ઓછી કિંમતવાળી સાધન સામગ્રીનો ઉપયોગ કરી 'વેસ્ટમાંથી બેસ્ટ' ના સર્જનને મહત્વ આપ્યું હોવાનું જણાવ્યું હતું. સંસ્થાના એક્ઝિક્યુટીવ ડિરેક્ટર ચંદ્રકાન્ત મહેતાએ વૈજ્ઞાનિક પદ્ધતિ અને સંશોધનોના સોપાનો વિશે સમજણ આપતા 'કન્સિવ', 'પર્સિવ', 'બિલીવ' અને એચિવ'ની વાત ધ્યાને રાખવા સૂચવ્યું હતું.

આ વિજ્ઞાન પ્રોજેક્ટસ સ્પર્ધામાં પ્રથમ સ્થાને હીરામણિ હાયર સેકન્ડરી સ્કૂલના પંકજ ગર્ગ તેમના હાઈડ્રો ક્રેનના પ્રોજેક્ટ્સ સાથે પ્રથમ સ્થાને વિજેતા બન્યા હતા. જ્યારે દ્વિતિય સ્થાને ત્રિવેણી વિદ્યાલયના મીત જોષી ઈલેક્ટ્રીક ડાયનેમો સાથે અને તૃતીય સ્થાને એ.જી. હાઈસ્કૂલના ધ્વનિલ દેસાઈ સોલાર ટ્રાફિક પ્રોજેક્ટ્સ સાથે વિજેતા બન્યા હતા. આ ઉપરાંત શારદા વિદ્યામંદિરના દીપ તેમની સોલાર સિસ્ટમ, હીરામણિ માધ્યમિક શાળાના મેઘ અને પૂજક તેમના થ્રેસર મશીન અને એસ.જી.વી.પી.ના પાર્થ અને શ્રેયસ ઓપ્ટીકસના પ્રોજેકટસ સાથે આશ્વાસન ઈનામ મેળવવામાં સફળ રહ્યા હતા. તમામ વિજેતાઓને રોકડ રકમના પારિતોષિક અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

હરિની દૃષ્ટિ...

તમે જે તાકાતથી ગુંદરપાક માટે ટોપરું તોડો છો.. તેનાથી લાગે છે તમને શક્તિવર્ધક પાકની આ વખતે બિલકુલ જરૂર નથી હું જ ખાઈશ...!!

આદર્શ નિવાસી શાળાની વિદ્યાર્થિનીઓએ વિવિધ સ્પર્ધામાં નામ ઉજાળ્યું

ગાંધીનગર, તા. ૧૩

ખેલ મહાકુંભમાં જિલ્લાકક્ષાએ યોજાયેલ સ્પર્ધામાં સે. ૧૩ની આદર્શ નિવાસી શાળા વિ.જા. કન્યાની વિદ્યાર્થીઓ વિવિધ સ્પર્ધામાં ઝળકી હતી. જેમાં શાહીન કોળીતરે ૨૦૦ મી. દોડમાં બીજો, લાંબીકૂદમાં ત્રીજો ઊંચીકૂદમાં બીજો ૪x૧૦૦ રીલેમાં પ્રથમ, ભારતી રાઠોડ ૧૫૦૦ મી. દોડમાં પ્રથમ, બરછી ફેંક ત્રીજો, ૪x૧૦૦ રીલે પ્રથમ, શીતલ મછાર ૫૦૦૦ મી. દોડ, બીજો, ૮૦૦ મી. દોડ. બીજો, જલ્પા ચૌહાણ લાંબીકૂદ, લંગડી ફાળકૂદ, ૪x૧૦૦ પ્રથમ, વર્ષા મકવાણા ૪x૧૦૦ રીલે પ્રથમ, રાધા રાઠવા, ૧૫૦૦ મી. દોડ, લંગડી ફાળ કૂદ ત્રીજો, કલ્પના બામણિયા, ૫૦૦૦ મી. દોડ ત્રીજો અને શીતલ મછાર, માનસી સાધુ, ધીરજ ચૌહાણ, નિશા ચૌહાણ ૪x૧૦૦ રીલેમાં ત્રીજા ક્રમે રહી હતી. તમામ વિજેતા વિદ્યાર્થીઓને જિલ્લા નિયામકે અભિનંદન પાઠવ્યા હતા.

આજે સેંટ ઝેવિયર્સ સ્કૂલનો રમતોત્સવ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરની સેંટ ઝેવિયર્સ સ્કૂલનો ૪૪મો વાર્ષિક રમતોત્સવ તા. ૧૪મી ડિસેમ્બરને શનિવારના રોજ સવારે ૮.૩૦ કલાકે યોજાનાર છે. આ રમતોત્સવના મુખ્ય અતિથિ તરીકે શાળાના ૧૯૭૮ની બેચના ભૂતપૂર્વ વિદ્યાર્થી, હાલના વાલી એવા ડૉ. મુકેશ બી. જોષી, જનરલ મેનેજર સરદાર સરોવર નર્મદા નિગમ લી.ને આમંત્રિત કરવામાં આવ્યા છે. આ પ્રસંગે ૧૯૭૮ની બેચ માટે ગૌરવપ્રદ હોઈ સમગ્ર બેચ તરફથી વિજેતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામ આપવાનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેવા ૧૯૭૮ની બેચના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને ખાસ અપીલ કરવામાં આવી છે.

ગુરુકુળની ઝંકૃતિ મહેતા શહેરમાં ત્રીજા ક્રમે

ગાંધીનગર, તા.૧૩

સ્વામીનારાયણ ગુરૂકુળ વિદ્યાલય સે-૨૩માં અભ્યાસ કરતી ઝંકૃતિ ભરતકુમાર મહેતાએ ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહના પ્રથમ સેમેસ્ટરમાં ૯૯.૯૭ પર્સન્ટાઈલ રેન્ક સાથે શહેરમાં ત્રીજું સ્થાન મેળવવામાં સફળ રહી છે. ઈજનેર પિતા બી.સી. મહેતા અને પ્રાધ્યાપક માતા તૃપ્તિ મહેતાની દિકરી ઝંકૃતિએ વિજ્ઞાનના વિષયોમાં શ્રેષ્ઠ દેખાવ કર્યો છે. ગુરુકુળની વિદ્યાર્થીની ઝંકૃતિએ ફીઝીકસમાં ૧૦૦માંથી ૧૦૦, કેમેસ્ટ્રીમાં ૯૮ અને બાયોલોજીમાં ૯૯ ગુણ મેળવી ૯૯.૯૭ ટકા પર્સન્ટાઈલ રેન્ક મેળવ્યો છે. શાળા અને પરિવારનું તેણે ગૌરવ વધાર્યું છે.

ગુજરાત વણકર સેવા સમાજનું પસંદગી સંમેલન

ગાંધીનગર, તા.૧૩

ગુજરાત વણકર સેવા સમાજનો ૧૮મો જીવનસાથી પસંદગી મેળો અને તેજસ્વી તારલાઓને સન્માનવાનો કાર્યક્રમ તા. ૧૫ ડિસેમ્બરના રોજ દિનેશહોલ આશ્રમ રોડ અમદાવાદ ખાતે યોજાનાર છે. જેમાં ધારાસભ્ય શૈલેષ પરમાર અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી ગોપાલભાઈ બામણિયા ઉપસ્થિત રહેશે. જીવનસાથી સંમેલનમાં ભરેલ નાણાંની પહોંચ દશરથલાલ પરમાર પ્લોટ નં. ૫૪૦/૨, સે-૭-બી ખાતેથી મેળવી લેવી તેમજ મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ હાજર રહેવા જણાવ્યું છે.

સતત દોડતો રહેતો માણસ હવે મશીનોથી પોતાની જાતને ખુશ રાખવા મથતો દેખાય છે

ટેલિ રીઝન

- સમીર રામી

• દોડો ભાઈ દોડો

જીવનમાં આજ તો શિખવાનું છે. પહેલા એકવાર ચાલતા શિખો પછી દોડતા શિખો, દોડતા શિખ્યા પછી તો બસ દોડ્યા જ કરો... એડમીશન માટે દોડો, ડીગ્રી માટે દોડો, ડીગ્રી મળ્યા પછી નોકરી માટે દોડો, નોકરી મળતા રોજ ઑફિસે દોડો, કાયમી થયા પછી કન્યા માટે દોડો, કન્યા મળ્યા પછી લગ્નવાડીનું બુકીંગ કરાવવા દોડો, લગ્ન થયા પછીતો બસ દોડો જ દોડો... કયારેક શાક લેવા દોડો તો ક્યારેક દૂધ લેવા, કયારેક સાડી લેવા દોડો તો કયારેક બિલ ભરવા દોડો, કયારેક ફિલ્મ જોવા દોડો તો કયારેક બર્થ ડે પાર્ટીમાં પહોંચવા દોડો... બહાર નિકળતા જ લોકો પણ કહેશે પર્યાવરણ જાગૃતિ માટે દોડ, મતાદર જાગૃતિ માટે દોડો, કેન્સર પીડિતો માટે દોડો, એઈડ્સનો સામનો કરવા દોડો, વાઘ બચાવવા દોડો તો કયારેક મંદિર બચાવવા દોડો, રન ફૉર અર્થ, રન ફૉર યુનિટી, હાફ મેરેથોન વગેરે વગેરે... બસ દોડો દોડો ને દોડો...

દોડો એ ગતિનું પ્રતિક છે. સમગ્ર શરીરને ચેતનવંતુ બનાવવાનો સરળ વ્યાયામ છે. દોડવાથી શરીરની તંદુરસ્તી જળવાય છે. સ્ટેમીના વધે છે, ચરબી બળે છે જેવા ક્ષુલ્લક કારણોસર ઘણા બધાને ખાસ કરીને શિયાળે 'દોડ-વા' ઉપડે છે. જો કે આમાંથી પંચ્ચાણું ટકાનો આ 'વા' થોડોક જ ઠંડો વાયરો વા'ય એટલે તરત જ મટી જાય છે. અમારા જોરૂભાને પણ એકવાર ભર શિયાળે દોડ વા ઉપડ્યો અને સવારે પાંચ વાગે ઉઠીને નવો ટ્રેક સુટ ટટકાવી, સ્પોર્ટસ શુઝ પહેરીને અંધારે અંધારે એતો દોડવા નીકળી પડ્યા. લગભગ પોણો કલાકે રસ્તામાં સાતેક બ્રેક પાડ્યા પછી દોઢ કિ.મી. દોડી તો નાખ્યું, પણ એક ખેતર નજીકથી પસાર થતા ભડકેલું કાળુ કૂતરું એવું તો પાછળ પડ્યું કે માત્ર સાડા-સાત મીનીટમાં જ તેમને ઘરે પાછા મુકી ગયું અને ત્યારથી જોરૂભાએ બીજીવાર દોડવા જવાની હિંમત કર્યા વગર સવારે પથારીમાં પડ્યા પડ્યા જ કસરતો કરી લેવાનું મુનાસીબ માન્યું છે.

નાનપણમાં દોડતા દોડતા પડી જવાના કિસ્સાઓ મોટા થયા પછી ટીંચણે પડેલી નિશાનીઓ જોઈએને યાદ આવે છે. અમારા વખતે તો ચાલીને જ સ્કૂલે જતા એટલે મોટેભાગે મોડું થઈ જ જતું પછી દોડતા દોડતાં જ પ્રાર્થનામાં પહોંચવાનો નિત્યક્રમ બની ગયેલો. આજકાલ કોલેજીયનો 'ધૂમ' બાઈક લઈને દોડતા થઈ ગયા છે. જો કે આ સાડીત્રણસો સીસીના 'ધૂમ' બાઈકો મોટેભાગે તો એંસી સીસીની સ્કૂટીનો પીછો કરવા જ દોડતા હોય છે. ધૂમ બાઈકના આ જમાનામાં પોલીસની ભર્તીમાં પણ દોડીને ચોર પકડવો પડશે તેવી ગણતરીથી દોડની પરીક્ષા લેવાય છે. આ પરીક્ષામાં ઘણીવાર ઉમેદવારો દોડ પૂરી કરતા પહેલાં જ જીંદગીની દોડ માંથી આઉટ થઈ જાય છે. સમય હંમેશા દોડતો રહે છે. એવું કહેવાય છે કે સમય સામે મનુષ્ય હંમેશા ધીમો પડે છે. મહેનત કરીને બે પાંદડે થયવા રાત દા'ડો એક કરનારને લોકો 'માત્ર રૂપિયા પાછળ આંધળી દોટ મુકનારો' ખપાવીને તેની પાછળ ટોણા માર્યા કરે છે. એમાંય કમનસીબે જો તે સફળતા ના પામી શકયો તો 'આમ આરામ કરવાથી કાંઈ ના મળે, એના માટે તો દોડવું પડે ભાઈ' જેવી શિખામણો પાછી સામે મોંઢે જ સંભળાવી દે છે. સતત દોડતો રહેતો માણસ હવે મશીનોથી પોતાની જાતને ખુશ રાખવા મથતો દેખાય છે. અનિલ અંબાણી જેવો ખમતીધર પણ વર્ષમાં ત્રણ-ચાર વાર ખીંટી પર ટીંગાડી હોય તેમ ટી શર્ટ અને 'લફરફફર' બર્મૂડો પહેરીને 'હાફ'મેરેથોનમાં દોડતો દેખાય છે. જો કે એક સમયે તેનીં કપનીના ઈશ્યુમાં શેર લેવા દોડેલા લોકોને આજે પણ 'હાફ' મૂડીના ફાંફાં પડી ગયા છે.

મુઠ્ઠીઓ વાળીને દોટ મુકવી એ કાંઈ દરેકની ફિતરત હોતી નથી પણ દોડ્યા વગર કયારેય બસ પકડી શકાતી નથી, કે પાછળ પડેલી ગાયથી બચી શકાતું નથી એ પણ એટલી જ હકીકત છે. જો તમે ક્રિકેટના શોખીન હોય તો તમને યાદ જ હશે કે પહેલા પેલો સહેવાડા દોડવું ના પડે એટલા માટે ચોગ્ગા-છગ્ગા મારતો હતો અને હંમશા સ્લીપમાં જ ફિલ્ડીંગ ભરવા ઉભો રહી જતો હતો. હવે તેને ટીમમાં સ્થાન પાછું મેળવવા કરી દોડતા થઈ જવું પડ્યું છે. ઓલ્ડ ઈઝ ગોલ્ડ જેવા સુનીલ ગાવસ્કર હજુએ એકદમ ફીટ છે. કોઈએ તેમને રહસ્ય પૂછ્યું તો તેમણે હજુ પણ પ્રેકટીસ વખતે દોડીને સ્ટેડીમનું ચકકર મારતા હતા તે ટેવ જાળવી રાખી હોવાનું જણાવ્યું હતું. આખી દુનિયામાં દોડવામાં નબળા ગણતા ભારતીય ક્રિકેટરોમાંથી જ સચીન જ બીટવીન ધ વિકટેસ સૌથી વધારે રન દોડયો છે. જો કે તેના દોડવાની સાથે સાથે તેનું બેંક બેલેન્સ પણ ડબલ સ્પીડે દોડતું હતું એટલે એને પ્રાણવાયુ મળતો રહેતો હોવાને અવગણી ના શકાય. દોડવાની વાત આવે એટલે પહેલા હંમેશા પીટી ઉષા જ યાદ આવી જતા પણ હવે મિલ્ખાસિંઘ યાદ આવે છે. કયારેય ફક્ત એવોર્ડ માટે જ ના દોડેલા આ ભારતના 'રત્નો'એ ઘણીવાર એશિયાડ અને ઓલિમ્પિકમાં ભારતની લાજ રાખી છે. કમનસીબે 'ભાગ મિલ્ખા ભાગ' ફિલ્મથી જ અત્યારની પેઢીને ઓળખાયેલા આ સરદારજીને દોડતા જોઈને એક વખતે પાકિસ્તાનના પ્રમુખે તેમને 'ફલાઈંગ શીખ' કહીને નવાજ્યા હતા. પણ તેમની આ ફિલ્મની લંબાઈથી પ્રક્ષકો વગર દોડે જ હાંફી ગયા હતા. સ્પેનમાં ભૂરાયા થયેલા આખલા આગળ દોડવામાં ઘણાની જિંદગીઓ પૂરી થઈ ગઈ છે પણ પેલા રિતિર રોશનને આ રીતે દોડતો જોઈને ઘણા પ્રવાસપ્રેમી ગુજરાતીઓએ વેકેશનમાં સ્પેન ભણી દોટ મુકી હતી. જો કે થેપલા ખાતા ખાતા લોકોને દોડતા જોવા જ હોં. ચિત્તીની ઝડપે દોડીને વિલનની ગોડીને પકડી પાડતા સલમાનખાનો કે અજય દેવગણો આટલું દોડયા પછી પણ પોતાની હેરસ્ટાઈલ સ્હેજે વિખાવા દેતા નથી એ તો ઠીક પણ ફુલસ્પીડે દોડતી ગાડીઓમાં ચઢતા કે ઉતરતા તેમને ગતિ કે ગુરુત્વાકર્ષણનો કોઈ જ નિયમ લાગુ પડતો નથી તે ગજબનું કહેવાય. આપણા ગુજરાતી ઢોલીવુડમાં તો આજે પણ નાળિયામાં ઘોડા દબડાર દબડાર દોડાવવાનો રિવાજ એમનો એમ જળવાયેલો જોવા મળે છે. આપણી ધર્મપ્રેમી જનતા દર વર્ષે અંબાજીના મેળે ચાલતી, આળોટતી કે સાષ્ટાંગ દંડવત કરીને બધી બાધાઓ પુરી કરતી જોવા મળે છે. પણ કયારેય કોઈને દોડતા અંબાજી ગયાનું સાંભળ્યું નથી. જો કે ધર્મસ્થાનો અને તિર્થ સ્થાનોએ થતી દોડમદોડમાં કચડાઈને ઘણા શ્રદ્ધાળુઓની જિંદગીની દોડ હોલસેલમાં પૂરી થતી ઘણીવાર જોવા મળે છે.

દેશભરમાં લોકસભાની ચુંટણીઓ દોડતી દોડતી નજીક આવી રહી છે. એટલે તે માટેની રેસ અત્યારથી જ શરૂ થઈ ગઈ છે. આ દોડમાં દિલ્હીની ચુંટણીઓના પરિણામો પછી કેજરીવાલને તો 'દોડવુંહતુંને ઢાળ મળી' ગયો છે. અફઘાનિસ્તાનમાં શાહમૃગની રેસ યોજાય છે. પણ જ્યારે રણમાં આંધી આવે ત્યારે આ શાહમૃગ રેતીમાં પોતાનું માથું ખોસીને વિચારે છે કે અહીં તો આંધી છે જ નહીં. દિલ્હીમાં ભાજપ અને કોંગ્રેસના રાજકારણીઓ શાહમૃગ જ સાબિત થયા છે. ચુંટણીની દોડની સાથે જ નારાયણસાંઈની દોડ પણ દિલ્હીમાં જ પૂરી થઈ ગઈ છે. ત્રણ ત્રણ મહિનાથી પોલીસને દોડતી રાખનારા નારાયણ સાંઈએ પેલા તેજપાલની જેમ 'ટાઈમ પ્લીઝ' માંગવાને બદલે પોલીસ આગળ પોપટની જેમ કબૂલાતો કરવા માંડી છે.

હંમેશા 'ગાંઠગ ગોપીચંદન' કરીને દોડતો રહેતો સામાન્ય માણસ ફરી એકવાર દોડવાનો છે. આ વખતે 'લોહપુરુષ સરદાર'ની પ્રેરણાથી 'રન ફોર યુનિટી' થકી આપણા મોદી' સાહેબ દિલ્હી ભણી દોટ મુકવાના છે. જો કે દેશની એકતા અને વિકાસ માટે દેશનો સા.મા. તો હંમેશા કંઈ પણ કરવા તત્પર જ હોય છે. માણસે સફળ બનવા દોડવુ પડે છે અને નિષ્ફળતા મળે તો વધુ દોડવું પડે છે. સફળતા ટકાવી રાખવા પણ દોડતા રહેવું પડે છે આમ દોડવું આજીવન પડે છે. આમ દોડયા પછી એક કવિ મહાશયે કહ્યું છે કે...

'બહુ દોડીને થાક્યું છે હરણ, જરા શ્વાસ તો લેવા દો,
તરત જ એને ના પૂછશો કે મૃગજળનો અનુભવ કેવો હતો.'